# પાટડી તાલુકાના મીઠા ઉદ્યોગોનો આર્થિક ફાળો : એક ઐતિહાસિક અધ્યયન

પ્રો. નીતિનકુમાર પી.ચાવડા ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સમી, જિ-પાટણ

પાટડીથી પશ્ચિમે ૮કી.મી. અંતરે ૧૬૦૦ચો.માઈલના વિસ્તારમાં પથરાયેલું કચ્છનું નાનું રણ આવેલું છે. કોઈ કાળે કચ્છનું રણ અને ખંભાતનો અખાત એ બે પાણીની નાની ખાડીથી જોડાયેલા હતા. અને કચ્છના અખાતથી તે ખંભાતના અખાત સુધીના કાઠીયાવાડના ઉત્તર બાજુના આખા કિનારા ઉપર સમુદ્ર સિંધુ નદીનો જુનો પૂર્વનો ફાંટો લૂણી, બનાસ, રૂપેણ, સરસ્વતી એ નદીઓનો કચરો આ છાલકા સમુદ્રમાં ઠલવાતો અને તેથી એ દરિયો ધીમે-ધીમે પુરાઈ જઈ કાઠિયાવાડનો ટાપુ ગુજરાતની ભૂમિ સાથે સંધાઈ ગયો.[૧]

આ કચ્છનું રણ કોઈ કાંઠે દરિયાનો ફાંટો હતો. જેનું તળિયું એકાએક ઊંચું થઈ જતાં તેનું પાણી ખસી ગયું અને ખારવાળી ઉજ્જડ જમીન રહી. આ રણ દરીયાનું તળિયું છે. પાટડી પાસેના ઝીંઝુવાડા આગળના જુના વખતમાં બારેમાસ દરિયાનું પાણી રહેતું અને ત્યાં હોડીયો ફરતી. ટ્રીગ્નો મેટ્રીકલ સર્વે ખાતાના મિ. પેઈટનનું એવું કહેવું છે કે અસલના વારમાં દરિયો અહીં ઢાળ પડતા કીનારા સાથે અથડાતો અને તેનું પાણી કાંઠાથી દુર-દુરના ભાગમાં હમણાં કપાસના ખેતરો છે તે ભાગમાં ફરી વળતું હતું.[૨]

એક કાળે ઝીંઝુવાડા "મિટ બંદર" તરીકે ઓળખાતું હતું. દરિયો ખસી ગયો પણ આ દરીયાલાલે ખારવાળી જમીન મુકી જવાનો જે ઉપકાર કર્યો તેના કારણે આ ખારી જમીન મીઠા ઉદ્યોગ માટેની કિંમતી ભૂમિ બની ગઈ.

ઇ.સ. ના દસમા સૈકાથી એટલે કે લગભગ ૧૦૦૦ વર્ષથી પાટડી તથા ઝીંઝુવાડા વિસ્તારમાં મીઠું ઉત્પન્ન કરવાનો ઉદ્યોગ ચાલે છે. આ મીઠું દરિયાના પાણીનું નથી બનાવવમાં આવતું પણ ૧૮ થી ૩૦ ફૂટની ઊંડાઈએ જે ખારા પાણીના ઝરા નીકળે છે તેમાંથી બનાવવમાં આવે છે.[૩]

પહેલાં મીઠું ફક્ત અગર ઉપર જ વેચાતું હતું. વણજારાઓ અગર ઉપર જ મીઠાની કિંમત અને જકાત આપી મીઠું લઈ જતા. ગુજરાતમાં ગાડા દ્વારા અને મળવામાં વણઝારાની પોઠો દ્વારા મીઠું જતું હતું.

મુસ્લિમ સત્તાએ મીઠું વેચવાનો હક્ક પોતે જ રાખ્યો હતો. મરાઠાઓ પણ તેમજ કરતા હતા. તેઓ નવા અગરો ઉઘાડવાની મનાઈ કરતા હતા. નવા અગરો કોઈ ઉઘાડે તો

તેની ચોકી રાખવા મરાઠાઓ ઝીંઝુવાડાના રાજાને અગરોની ઉપજનો ત્રીજો હિસ્સો બક્ષિસ આપ્યો હતો. દામાજીરાવ(બીજા) ગાયકવાડે પાટડીના દેસાઈ ભાવસિંહજીને અગરની સઘળી ઉપજ લેવાનો અધિકાર આપ્યો. ત્યાર પછી પેશ્વા રાઘોબાએ અગરની ઉપજનો ૩/૪ ભાગ દેસાઈને મળે અને ૧/૪ ભાગ પેશ્વાને મળે એવું ઠરાવેલું.

બ્રિટીશ સરકારે અગરોનો સઘળો હિસ્સો અને ફાયદો પોતે જ રાખ્યો અને પાટડીના દેસાઈ રાજવીને રૂ.૧૨૦૦૦ તથા ઝીંઝુવાડાના ઠાકોરને રૂપિયા નવ હજારનું સાલિયાણું બાંધી આપ્યું. બ્રિટીશ સરકારે ઈ.સ. ૧૮૭૨ ના નવેમ્બરથી ખારાઘોડામાં મીઠાના ઉત્પાદનનું કામ શરૂ કર્યું. તેને માલના વેચાણ માટે શરૂમાં અમદાવાદ, ભરૂચ અને સુરત એમ ત્રણ ઠેકાણે મીઠાની વખારો રાખેલી. મુખ્યત્વે મીઠાની હેરફેરને ધ્યાનમાં રાખીને ઈ.સ. ૧૮૭૨માં બી.બી. એન્ડ સી.આઈ. રેલ્વે કંપનીએ ખારાઘોડા પાટડી વિરમગામ રેલ્વે લાઈન શરૂ કરી. જેથી વિરમગામ-મુંબઈ રેલ્વે લાઈન સાથે તેનું સંધાન થઇ જતાં ખારાઘોડાથી મુંબઈ સુધીનો સળંગ રેલ્વે વ્યવહાર થઇ ગયો. આ રેલવેની સુવિધા પાટડી માટે સુવર્ણયુગની લઈને આવી હતી.

ઇ.સ. ૧૮૭૨ થી ૧૮૭૭ ના પાંચ વર્ષનું ખારાઘોડાના સરકારી અગરોનું સરેરાસ વાર્ષિક ઉત્પાદન ૩૦૭૬૧ ટન હતું.[૪] ત્યારે મીઠાના ઉત્પાદન અને હેરફેર પર બ્રિટીશ સરકારનું એક હથ્થું શાસન હતું.

મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ ઈ.સ.૧૯૩૦-૩૧ માં મીઠા સત્યાગ્રહની લડત કરી અને સરકારની આવી એકહથ્થું સત્તાને પડકારવામાં આવી. આ લડતના ફળ સ્વરૂપે ઈ.સ. ૧૯૪૭માં જયારે ભારત આઝાદ થયું ત્યારે મીઠાનું ઉત્પાદન, વેચણ અને હેરફેર ખાનગી સરકારી ક્ષેત્ર માટે મુક્ત બન્યા.

પાટડી મીઠા ઉદ્યોગની મુખ્ય વિશેષતા એ રહી છે કે સમગ્ર એશિયા ખંડમાં (ક્રિસ્ટલ સોલ્ટ) ફક્ત આ વિસ્તારમાં થાય છે.

હાલમાં પાટડીના સમગ્ર વિસ્તારમાં મીઠાનું ઉત્પાદન લગભગ ૧૪ લાખ ટન જેટલું થાય છે. જે સમગ્ર ભારતના કુલ મીઠાના ઉત્પાદનના લગભગ ૧૮ ટકા જેટલું થાય છે. આ મીઠાના ઉત્પાદનમાં સહકારી મંડળીઓ, પાટડીના વેપારીઓ અને સરકારી અગરોના ઉત્પાદકોનો સમાવેશ થાય છે. હાલમાં આ વિસ્તારમાં “હિન્દુસ્તાન સોલ્ટ લી.” કંપની સ્થાપવામાં આવી છે.

ઈ.સ. ૧૯૮૧માં "મીઠા સત્યાગ્રહ"ને પચ્ચાસ વર્ષ પુરા થતાં તેની યાદમાં પાટડીમાં સુવર્ણજયંતી ઉજવવામાં આવી. આ પ્રસંગે પાટડીમાં ક્રોસ કરે તે જગ્યા પર નમક સત્યાગ્રહના સુકાની મહાત્મા ગાંધીની પ્રતિમા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈના વરદ્ હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.

આમ છેક પ્રાચીનકાળથી માંડીને વર્તમાન સમય સુધી પાટડીના મીઠા ઉદ્યોગે પાટડી પંથકની પ્રજાની આર્થિક સ્થિતિ પર પોતાનો આગવો પ્રભાવ પડ્યો છે. અને આ પંથકની પ્રજાના જીવનની સુખાકારી વધારવામાં આ મીઠા ઉદ્યોગે મહત્વનો ભાગ ભજવ્યો છે.

## પાદનોંધ

૧. કર્નલ જી.ડ્બ્લયુ વોટસન, કાઠીયાવાડ સર્વ સંગ્રહ, પેજ-૧૪૮

૨. ઉપરોક્ત પેજ-૧૭૭

૩. ગુજરાત સર્વસંગ્રહ પેજ-૯૮

૪. ઉપરોક્ત પેજ-૧૯૯